# ROSHNI

Reaching Out to Serve Humanity with New Initiatives




## અમારા વિષે :

પ્રભાત એજ્યુકેશન ફાઉન્ડેશન 2003થી અમદાવાદના વંચિત વર્ગના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે કાર્ય કરે છે અને તેમની સામે આવતા માનસિક અને શારીરિક પડકારોને દુર કરવા તેમને તૈયાર કરે છે. અહી સંસ્થા સેન્ટર, સમુદાય આધારિત પુનર્વસન અને એડવોકસી દ્વારા નેટવર્કીંગ જેવા માધ્યમોથી વિવિધ પ્રવૃતિઓ કરે છે. એક બાળકથી શરૂઆત થયેલ આ સફરમાં આજે અમદાવાદમાં વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા 3000થી વધુ વ્યક્તિઓ તેમજ તેમના પરિવારો અને સમુદાય સહભાગી બનેલ છે.

June 2026 | Issue No. 79 | A monthly newsletter

## નિશાબેનની હિંમતની ચાવી: સ્વીકાર અને સમર્પણનો સમન્વય



નિશાબેન એક એવી સુંદર અને સહિયારી સામાજિક વ્યવસ્થા ઊભી કરી શક્યા છે, જેમાં સેરેબ્રલ પાલ્સી ધરાવતા સ્પેશિયલ ચાઇલ્ડ નીખિલના સર્વાંગી ઉછેરમાં માસી, દાદી અને માતા ત્રણેયનો સ્નેહભર્યો સંગમ જોવા મળે છે. સંજોગોવશાત્ પતિ-પત્ની તરીકે તેઓ સાથે ન રહી શક્યા, પરંતુ માતા-પિતા તરીકે બંનેની જરૂર બાળકને હંમેશાં રહેશે એવી પરિપક્વ સમજણ તેમણે શરૂઆતથી જ રાખી હતી. માતા સાથે રહેવા આવેલાં નિશાબેનને તેમની માતાએ ભવિષ્યની સુરક્ષા માટે આત્મનિર્ભરતાની ગાંઠ બંધાવી હતી. માતાના અવસાન બાદ તેઓ માનસિક રીતે એકલા પડ્યા, પણ ફરીથી ઊભા થયા. નીખિલ માટે સુરક્ષિત જગ્યા અને પારિવારિક હૂંફ શોધવા તેમણે પોતાના સાસુ અને બહેન સાથે વાત કરી, જ્યાંથી ખૂબ હકારાત્મક પ્રતિસાદ મળ્યો. પરિણામે એક સુંદર વ્યવસ્થા ગોઠવાઈ — મહિનાના દસેક દિવસ નીખિલ તેની દાદી પાસે રહે અને બાકીના દિવસોમાં નિશાબેનના કામના સમય દરમિયાન તે પોતાની માસીના ઘરે રહે. આ આખીય દોડધામમાં ક્યારેક થાકી જતાં નિશાબેન માટે સૌથી મોટું શસ્ત્ર 'પરિસ્થિતિનો સ્વીકાર' અને 'અવિરત પ્રયાસો' રહ્યા છે. શરૂઆતમાં તેઓ નીખિલને ખાનગી ફિઝિયોથેરાપિસ્ટ પાસે લઈ જતાં, પરંતુ નીખિલની વધતી ઉંમરના કારણે લાવવા-લઈ જવાની શારીરિક મુશ્કેલી અને આર્થિક ખર્ચ એક મોટો પડકાર બની ગયા હતા. એવામાં, પ્રભાતના એક વાલીના માધ્યમથી તેમનો સંપર્ક થયો અને નીખિલનો 'હોમ બેઝ્ડ પ્રોગ્રામ'માં પ્રવેશ થયો. નિશાબેન કહે છે કે, 'આટલા વર્ષોના પ્રયત્નો પછી મને આશા નહોતી કે હવે નીખિલમાં કોઈ ખાસ સુધારો આવશે. પરંતુ પ્રભાત સંસ્થા સાથે જોડાયા પછી નીખિલમાં હું બદલાવ જોઈ શકી છું.'

હોમબેઝના સ્પેશ્યલ એજ્યુકેટર નમ્રતા ચૌહાણ કહે છે કે, નીખિલના હાથ-પગમાં અતિશય અકડન રહેતી અને તેનું એકાગ્રતાનું સ્તર ખૂબ ઓછું હતું. હવે તેની અકડન ઓછી થઈ છે, તે એકાગ્રતા રાખતો થયો છે અને શારીરિક સપોર્ટ દ્વારા મોટર સ્કિલની પ્રવૃત્તિઓ પણ કરે છે. તેની સ્પીચમાં પણ સુધારો થયો છે. આ બધી સકારાત્મક અસરોને લીધે, માત્ર દોઢ વર્ષના ટૂંકા ગાળામાં નીખિલ પોતે બધું જમતો થઈ ગયો છે અને તેના હાથની મુવમેન્ટ પણ ઘણી સુધરી છે. આમ, નિશાબેનની હકારાત્મક ઊર્જા, મક્કમતા અને પરિવારે આપેલા સાથને કારણે નીખિલને એક સુરક્ષિત, સ્નેહપૂર્ણ અને સન્માનજનક વાતાવરણ મળ્યું છે. જ્યારે વિકલાંગતા ધરાવતા બાળકની સંભાળ રાખનાર તરીકે જવાબદારી ઉપરાંત, સામાજિક અને આર્થિક જવાબદારી નિભાવતા નિશાબેન દરેક વાલી માટે પ્રેરણારૂપ બની રહ્યા છે.

**તૈયાર કરનાર : નમ્રતા ચૌહાણ**

## કાર્યક્રમની ઝલક

**નવા શૈક્ષણિક વર્ષ માટે પ્રભાતના સેન્ટરો ફરી શરૂ થયા**



મે મહિનાની રજાની મજા માણ્યા પછી, પ્રભાતના સેન્ટરો જૂન મહિનામાં ફરીથી નવી ઉર્જા અને આશા સાથે શરૂ થયા. સેન્ટરોની સજાવટ અને બાળકોના સ્વાગત માટેના વિશેષ આવકારે બાળકો અને વાલીઓને આનંદિત કરી દીધા.



## અસેસમેન્ટ અને એડવાન્સ થેરાપી તરફની દિશામાં પ્રગતિ

નવા વર્ષની શરૂઆત થતા જ બાળકના વિકાસની સફરની શરૂઆતમાં જરૂરી એવા  અસેસમેન્ટની પ્રક્રિયા સેન્ટરે ચાલુ કરવામાં આવી. ભાઈપુરા કેન્દ્રમાં 22 બાળકોએ સ્પીચ અને 13 બાળકો સાઈકોલોજીસ્ટનું અસેસમેન્ટ થયું હતું.



આ ઉપરાંત, અમે ઓક્યુપેશનલ થેરાપીમાં વ્યવસાયિક ઉપચાર સેવાઓને વધારવા માટે એક અદ્યતન સાધન, SG2 ડિજિટલ OT પુનર્વસન સિસ્ટમ રજૂ કરી છે. ઇન્ટરેક્ટિવ અને રમત-આધારિત પ્રવૃત્તિઓ દ્વારા, આ સિસ્ટમ હાથની ગતિવિધિ, જ્ઞાનાત્મક વિકાસ, હાથ-આંખ સંકલન અને પુનર્વસન મૂલ્યાંકનને સુધારવામાં મદદ કરે છે. તેની રીઅલ-ટાઇમ ટ્રેકિંગ અને મૂલ્યાંકન સુવિધાઓ ચિકિત્સકોને વધુ સચોટ હસ્તક્ષેપ યોજનાઓ બનાવવામાં મદદ કરશે તથા  વિવિધ વિકાસલક્ષી જરૂરિયાતો ધરાવતા બાળકો માટે ઉપચારને આકર્ષક અને પુરાવા-આધારિત બનાવશે. ફિઝિયોથેરાપિસ્ટનું કહેવું છે કે, 'આ ઉપચાર સંપૂર્ણપણે રમત-આધારિત છે, બાળકો તેને રમત તરીકે લે છે અને તેમને ખ્યાલ પણ નથી હોતો કે તેઓ ખરેખર ક્લિનિકલ પુનર્વસનમાંથી પસાર થઈ રહ્યા છે.'

---

**સમાવેશી આંગણવાડીની અપડેટ:** કોઈ પણ બાળક પ્રારંભિક શિક્ષણથી વંચિત ન રહે, તે માટે વાલીઓમાં જાગૃતિ લાવી મહત્તમ નામાંકન કરવાના ઉદ્દેશ્ય સાથે દર વર્ષે આંગણવાડી પ્રવેશોત્સવ કરવામાં આવે છે. પ્રભાત, જે સમાવેશી આંગણવાડીના મોડેલ તરફ કાર્ય કરી રહી છે, તે આંગણવાડી  પ્રવેશોત્સવમાં સક્રિય સહભાગી બની હતી. સુપરવાઇઝર દ્વારા પ્રભાતને વાલીઓ સમક્ષ ઓળખ આપવામાં આવી હતી. આમ, નવા વાલીઓ સાથે ટીમનો સંબંધ વિકસ્યો. આ પ્રવેશોત્સવમાં બાળકોનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું અને તેમને ગણવેશ તથા શૈક્ષણિક કીટ આપવામાં આવી. આ પ્રસંગને યાદગાર બનાવવા માટે ખાસ ડિઝાઇન કરેલી ફ્રેમમાં તેમના ફોટોગ્રાફ્સ પણ લેવામાં આવ્યા.



પ્રભાતે સમાવેશી આંગણવાડીમાં 6 Fs (ફેમીલી,ફન, ફંકશનીંગ, ફ્રેન્ડશીપ, ફિટનેસ અને ફ્યુચર) ને પાયાના સ્તંભ બનાવ્યા છે, જેમાં ફિટનેસ અને ફેમિલી પણ મહત્વનું પરિબળ છે. પ્રવેશોત્સવની સાથે પૂર્ણા દિવસ, કિશોરી દિવસ અને યોગ દિવસની પણ ઉજવણી કરવામાં આવી.



આ પ્રકારની સક્રિય અને સતત ભાગીદારીના પરિણામે બુધાલાલની આંગણવાડીમાં થયેલ મજબૂત સંકલનનું પરિણામ એ આવ્યું કે વાલીઓના અને આંગણવાડી વર્કરના સંકલન માટેના વોટ્સએપ ગ્રુપમાં પ્રભાતના સ્પેશ્યલ એજ્યુકેટરને પણ સમાવવામાં આવ્યા. આનાથી હવે વાલીઓ સાથેનું જોડાણ વધુ મજબૂત બનીને સમાવેશી આંગણવાડીના વિચારના અમલીકરણને વધુ વેગ આપશે.

---

મણિનગર શાળા નંબર 4 ખાતે વાલીઓ માટે ઓરિએન્ટેશન : મણિનગર અને કાંકરિયા શાળા ક્લસ્ટરના બાળકો માટે એક સંયુક્ત વાલી સભા યોજાઈ હતી, જેમાં પ્રભાતના રિસોર્સ રૂમ સાથે જોડાયેલા પરિવારો સહિત 40 વાલીઓ અને બાળકોએ હાજરી આપી હતી. આ સત્ર શાળા પ્રવેશ, નિયમિત હાજરી અને નવા શૈક્ષણિક વર્ષ માટેની તૈયારીઓ પર કેન્દ્રિત હતું. વાલીઓને નિરામય આરોગ્ય વીમા યોજના વિશે પણ માહિતી આપવામાં આવી હતી, જેથી તેઓ તેમના બાળકો માટે ઉપલબ્ધ લાભો અને સહાયનો વધુ સારી રીતે ઉપયોગ કરી શકે.

આ યોજનાની વધુ માહિતી : https://www.myscheme.gov.in/gu/schemes/nhis

---

**બડી ઇન્ટરેક્શન્:** નવા વર્ષની શરુ થતા 'બડી ઇન્ટરેક્શન્' માટે રીવર સાઈડના બાળકોની ટોળકી આવી ગઈ તેમના નવા મિત્રો બનાવવા! મિત્રતાની આ સફર આગળ આખું વર્ષ રહેશે જેના પરિણામે વર્ગખંડની બહાર જે મુલ્યવર્ધક શિક્ષણ બાળકોએ મેળવવું જોઈએ, તે મેળવશે. આ પ્રક્રિયા રસપ્રદ છે. પ્રભાત આ પરંપરા અન્ય શાળાઓ સાથે પણ ઈચ્છે છે પણ હજુ તેને અમલમાં મુકવા માટે માટે અનેક પડકારો છે.



**વોકેશનલથી આજીવિકા તરફની સફરની શરૂઆત :** પ્રભાત એક સમુદાય જરૂરિયાત આધારિત સંસ્થા છે. સંસ્થાના બાળકો જ્યારે મોટા થયા, ત્યારે ખાસ કરીને બૌદ્ધિક અક્ષમતા ધરાવતા દિવ્યાંગ બાળકોને એક સ્તર પછી આત્મનિર્ભર બનાવવા, તે પ્રભાત માટે એક મોટો પડકાર હતો. આ માટે સંસ્થાએ અનેક નવા પ્રયોગો અને નૂતન પહેલ કરીને પ્રત્યક્ષ અનુભવો મેળવ્યા. આ અનુભવો અને વાસ્તવિકતાનો સ્વીકાર કરીને, બાળકોને આજીવિકા તરફ કઈ રીતે આગળ લઈ જવા તેની એક સ્પષ્ટ દિશા મળી છે.

જેના ભાગરૂપે, પ્રભાત હવે સેન્ટર-બેઝ્ડ વર્ક અંતર્ગત બાળકોને આજીવિકાની નવી તકો પૂરી પાડશે. આ માટેની જરૂરી પ્રક્રિયાઓ હાલ શરૂ થઈ ચૂકી છે, જેની અપડેટ્સ આપને સમયસર મળતી રહેશે. જૂન મહિનામાં અમે વોકેશનલ ટ્રેનિંગ લેતા બાળકોના વાલીઓ સાથે એક ખાસ ગોષ્ઠી (બેઠક)નું આયોજન કર્યું હતું, જેમાં અંદાજે ૧૫ જેટલા વાલીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

## એડવોકસી (હિમાયત )

**ઇન્ટર્નશિપ:** નિરમા યુનિવર્સિટીના ડિઝાઇન વિદ્યાર્થીઓ નિશ્કા અને યુક્તિએ આઈ.ઈ.સી.સામગ્રી અને સોશિયલ મીડિયા પોસ્ટ્સ સહિત પ્રભાતના પરિચય માટે આકર્ષક ટૂલ્સ ડિઝાઇન કર્યાં. ઉપરાંત, બાળકો સાથે તેમણે એક રચનાત્મક વર્કશોપ યોજી, જેમાં ચહેરા પર ટેટૂ બનાવવા અને રમતો રમાડવા જેવી પ્રવૃત્તિઓ કરવામાં આવી, જેમાં બાળકોના વાલીઓ પણ જોડાયા.

પ્રભાત માટે આ ઇન્ટર્નશિપ્સ હંમેશા ઓછા ખર્ચે નવીનતાઓ લાવે છે, જેનો ઉપયોગ સીધો ફિલ્ડ સ્તરે થઈ શકે છે. ભવિષ્યમાં આ યુવાનો ગમે તે ક્ષેત્રમાં આગળ વધે, તેમના કાર્યના અભિગમમાં સમાવેશી વિચાર સામેલ રહે, એવો ઉદ્દેશ્ય પ્રભાતનો છે.



**અરવિંદ શ્રીધરન દ્વારા પ્રભાતની મુલાકાત**

ઇમ્પેક્ટ અસેસમેન્ટ સ્પેશિયાલિસ્ટ અરવિંદ શ્રીધરન દ્વારા આ મહિને પ્રભાતની મુલાકાત લેવામાં આવી, તેમણે પ્રભાત સાથે કાર્ય કરતા તમામ હિતધારકો સાથે ઊંડાણપૂર્વકના ઈન્ટરવ્યુ લીધા જેમાં સંભાળ રાખનારાઓ, વોકેશનલના વિદ્યાર્થીઓ, હોમબેઝના બાળકો, શાળાના પ્રિન્સિપાલ, આંગણવાડી કાર્યકરો, સમુદાયના પ્રતિનિધિ અને પ્રભાત ટીમનો સમાવેશ થાય છે. આ મૂલ્યાંકન પ્રક્રિયામાં હાલ ગુણવત્તાયુક્ત માહિતી એકત્ર કરવામાં આવી છે, અને હવે પછી આંકડાકીય માહિતી માટે સર્વે પદ્ધતિ પણ અપનાવવામાં આવશે. અંતે, એક તૃતીય પક્ષ તરીકે પ્રભાતના મૂલ્યાંકનનો અહેવાલ તૈયાર થશે, જે પ્રભાતને ભવિષ્યની દિશા નક્કી કરવા માટે એક મહત્વનું સૂચક બની રહેશે.




## પ્રશિક્ષણ

**ટીમ બિલ્ડિંગ:** અગાઉ નોંધ્યું હતું તેમ, દર મહિને ટીમ બિલ્ડિંગ અને ટીમ વર્કને વધુ મજબૂત બનાવવા માટે રચનાત્મક પ્રવૃત્તિઓ ટીમ દ્વારા યોજવામાં આવે છે. આ મહિને ટીમ દ્વારા યોજાયેલી બેઠક ખૂબ જ રોમાંચક અને શિક્ષણસભર રહી. તમામ સભ્યોને પ્રભાતનું પ્રતિનિધિત્વ કરતાં વિવિધ એકમો જેમ કે પ્રારંભિક હસ્તક્ષેપ, થેરાપિસ્ટ યુનિટ, સેન્સરી યુનિટ, વોકેશનલ યુનિટ માં વિભાજિત કરવામાં આવ્યા. ટીમોએ રમતોના ત્રણ રાઉન્ડમાં ઉત્સાહ અને સર્જનાત્મકતા સાથે ભાગ લીધો: સમસ્યાનું નિરાકરણ કરતા કોયડાઓ, મૂલ્ય-મેળ પડકારો અને શબ્દ ઉકેલવાના પડકારો.

જે જૂથે સૌથી ઓછા સમયમાં પડકાર પૂર્ણ કર્યો, તેને 'સમાવેશની ચાવી' ઇનામ સ્વરૂપે આપવામાં આવી.

આ ઉપરાંત, દરેક સભ્યને પ્રભાતના મિશનમાં તેમના વ્યક્તિગત યોગદાનને માન્યતા આપતું એક ઓળખ કાર્ડ પણ પ્રાપ્ત થયું. આ પ્રક્રિયાએ દરેકની સૈદ્ધાંતિક અને સંસ્થાકીય સમજણમાં વધારો કર્યો અને ટીમ દ્વારા થતા દરેક કાર્ય પાછળના હેતુને વધુ મજબૂત બનાવ્યો. આ સમગ્ર પ્રવૃત્તિએ અમારા કાર્યને આગળ ધપાવતા સમાવેશી સમાજની પરિકલ્પના અને સહિયારા મિશનને ફરી તાજું કરાવ્યું.



**બાળ વિકાસ સહાયક (CDA) તાલીમ ફરી શરૂ :** UMMEED ના CDA કાર્યક્રમ સાથે ટીમની શીખવાની સફર, જે ગયા મહિને શરૂ થઈ હતી, તે OWL (નિરીક્ષણ કરો, રાહ જુઓ, સાંભળો) તકનીકના વ્યવહારુ ઉપયોગ પર કેન્દ્રિત ફોલો-અપ સત્ર દ્વારા ચાલુ રહી. શિક્ષકોએ તેમની ફિલ્ડ પ્રેક્ટિસના વીડિયો બનાવ્યા અને શીખેલી બાબતો રજુ કરી. જુલાઈમાં તાલીમના આગામી તબક્કાની શરૂઆત થશે.

**ટીમ તાલીમ** : ડૉ. કિલ્લોલ, જેઓ પ્રભાત ટીમને વિષય સંબંધિત તાલીમ આપે છે, તેમના દ્વારા આ મહિને હાયપર એક્ટિવ બાળકો સાથે ક્લાસ મેનેજમેન્ટ વિષય પર તાલીમ યોજવામાં આવી. બાળકોને વધુ એન્ગેજ કરવા માટે પ્રવૃત્તિઓનું આયોજન કરવા, બાળકોના મૂડ અને વર્તણૂકોનું સંચાલન કરવા, માતાપિતાને સલાહ આપવા અને જૂથ પ્રવૃત્તિઓનું માળખું બનાવવા અંગે વ્યવહારુ માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું. આ ચર્ચામાં બાળકોની ઓળખ કેવી રીતે કરવી, તેમને સમાન ઉર્જા સ્તર ધરાવતા સાથીદારો સાથે કેવી રીતે જૂથબદ્ધ કરવા અને વર્ગખંડનું સંચાલન કેવી રીતે કરવું, તે અંગે ચર્ચા કરવામાં આવી. આ તાલીમથી ટીમને વધુ સમાવિષ્ટ અને સહાયક શિક્ષણ વાતાવરણ બનાવવા માટે સ્પષ્ટ દિશા અને ગતિ મળી.




## સહાયક સેવાઓ અને ઘરોબો

સ્ટેટ ટ્રાન્સપોર્ટેશન ઓનલાઈન – 04 , મેડિકલ સર્ટિફિકેટ-09 , પેન્શન ફોર્મ- 02 અને સાધન સહાય અન્વયે સહાયક ઉપકરણો- 07 માટેની પ્રક્રિયા કરવામાં આવી.

**સર્વેની કામગીરી** : સમયાંતરે સમુદાયમાં જઈને પ્રભાત ટીમ દ્વારા સર્વેની કામગીરી હાથ ધરવામાં આવે છે. આ સર્વેની પ્રક્રિયા ઊંડાણ પૂર્વક બહોળા અભિગમ સાથે કરવામાં આવે છે. જેમાં વિકલાંગતા ધરાવતા બાળકો / વ્યક્તિઓ સાથે તો સંપર્ક થાય છે. અને સાથે સમાજિક આગેવાનો, સ્વયંસેવકની પણ ઓળખ થાય છે. આ મહિનામાં એક ઝુંબેશની રીતે આ પ્રક્રિયા હાથ ધરવામાં આવી. ભાઈપુરા, હાટકેશ્વર, જોગેશ્વરી, સીટીએમ વિસ્તારનો સમાવેશ કરવામાં આવ્યો. જે અન્વયે 78 બાળક /વ્યક્તિઓ ની ઓળખ થઇ છે. હવે પ્રભાતના વિવિધ કાર્યક્રમો સાથે તેમનું જોડાણ કરવામાં આવશે.